# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

**બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત-૩૯૫૦૦૧.**

**ફોન નં. ૦૨૬૧-૨૬૬૨૯૦૨** **ઈ-મેઈલ : suratdeo@gmail.com**


**જા.નં./મા-૨/૫૨૨/૨૦૨૬/૧૦૪૬૪-૬૮** **તા.૦૧/૦૮/૨૦૨૬**

**પ્રતિ,**

**આચાર્યશ્રી,**

**પ્રાથમિક, માધ્યમિક, અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,**

**જિલ્લો. સુરત**

**વિષય : INSPIRE Award scheme – MANAK 2026-27 અંતર્ગત Online Nominations કરવા બાબત.**

જયભારત સાથ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, INSPIRE Award scheme – MANAK સંદર્ભે વર્ષ - 2026-27 માટે E-Management of INSPIRE Award Scheme (E-MIAS)ની વેબપોર્ટલ www.inspireawards-dst.gov.in પર ઓનલાઈન નોમીનેશન તારીખ :15/07/2026 થી શરૂ થયેલ છે, જે તા.15/09/2025 ના રોજ બંધ થનાર છે. આ સ્કીમ અન્વયે **ધોરણ – 6 થી ધોરણ – 12 સુધીના** વિદ્યાર્થીઓ પોતાના નાવિન્યસભર વિચારોને પ્રોજેક્ટ સ્વરૂપે સબમીટ કરી શકે છે. શાળા દીઠ વધુમાં વધુ પાંચ વિદ્યાર્થીઓના નોમિનેશન કરી શકાશે. આ યોજના અન્વયે સબમીટ થયેલ નાવિન્યસભર Ideas/ Innovations માંથી જે વિદ્યાર્થીના Original Ideas/ Innovations પસંદ થાય છે, તે વિદ્યાર્થીનાં ખાતામાં રૂ. 10000/- એવોર્ડની રકમ તરીકે જમા થાય છે, જેનો ઉપયોગ મોડેલ તૈયાર કરવા અને જિલ્લાના પ્રદર્શનમાં ભાગ લેવા સંદર્ભે ખર્ચ માટે કરવાનો હોય છે.

**વધુમાં આ યોજનાનો લાભ વધુમાં વધુ બાળકોને મળે તથા બાળકના નાવિન્યસભર વિચારને યોગ્ય પ્લેટફોર્મ મળે તેવો સરકારશ્રીનો હેતુ હોઈ, આપની કક્ષાએથી શાળાના આવા વિદ્યાર્થીઓ ભાગ લઇ શકે તે માટે સમયમર્યાદામાં નોમીનેશન કરવા તમામ શાળાના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે.**

શાળાઓને રજીસ્ટ્રેશન અને ઓનલાઈન નોમીનેશનની પ્રક્રિયા અંગે કોઈ મુશ્કેલી જણાય તો જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – સુરત નો સંપર્ક કરી માહિતી અને માર્ગદર્શન મેળવી શકે છે. તેમજ INSPIRE Award Scheme (E-MIAS)ની વેબપોર્ટલ www.inspireawards-dst.gov.in પરથી પણ વધુ માહિતી મેળવી શકે છે. નોમીનેશન માટે INSPIRE MANAK App મોબાઈલ એપ્લીકેશન ગુગલ પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરીને ઉપયોગ કરી શકાશે. પત્ર સાથે ઇ-મેઇલમાં E-MIAS portal અને મોબાઈલ એપ્લિકેશનની લીંક પણ આપેલ છે, જેથી આપની શાળાના શિક્ષક/વિદ્યાર્થીને રજીસ્ટ્રેશન અને ઓનલાઈન નોમીનેશન કરવામાં સરળતા રહે.

**સંપર્ક : દિપાલીબેન વડગામા મો. ૯૪૨૮૮૪૨૪૭૦ ( જિલ્લા નોડલ અધિકારી, ડાયેટ- સુરત )**

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત, જિ.સુરત

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી
સુરત, જિ.સુરત

જિલ્લા શિક્ષણાધિકારી
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
સુરત શહેર અને ગ્રામ્ય, સુરત

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરત

**નકલ રવાના :**

- શિક્ષણ નિરિક્ષકશ્રી તમામ, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત
- મદદનીશ શિક્ષણ નિરિક્ષકશ્રી તમામ, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ, સુરત
- સી.આર.સી., બી.આર.સી., અને યુ.આર.સી. તમામ, સુરત

(૨/- આપની કક્ષાએથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તે માટે શાળાઓને જાણ કરવા અને જરૂરી કાર્યવાહી કરવા સારું..)

સત્યમેવ જયતે

ક્રમાંક : જીસીઈઆરટી/ Sci. Unit/2026/
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
"વિદ્યાભવન", સેક્ટર-12, ગાંધીનગર-382016.
ફોન : (079) 232-56808
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
gcert12@gmail.com
Web : : www.gcert.gujarat.gov.in

**પ્રતિ,**

પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય:** INSPIRE - MANAK યોજના વર્ષ 2026 – 27 અંતર્ગત નોમિનેશન કરવા બાબત

**સંદર્ભ:** 1. DST, New Delhi નો પત્ર ક્રમાંક: DST/S& TCB/ INSPIRE MANAK/ NOMINATIONS/ 2026-27, dated 08.07.2026

2. અત્રેની કચેરીની નોંધ ક્રમાંક: GCERT/WRT/e-file/108/2026/0561/Science, તા. 14/07/2026 પર મળેલ મંજૂરી

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે INSPIRE MANAK (Innovation in Science Pursuit for Inspired Research - Million Minds Augmenting National Aspirations and Knowledge) એ DSTની એક ફ્લેગશીપ યોજના છે.

આ યોજનાનો ઉદ્દેશ્ય ધોરણ 6 થી 12 ના વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને નવાચાર (ઇનોવેશન)ને પ્રોત્સાહન આપવાનો છે.

આ યોજના અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓએ તેમના નવાચાર સંબંધિત વિચાર (innovative ideas) E-MIAS પોર્ટલની વેબસાઇટ https://www.inspireawards-dst.gov.in/ પર ઓનલાઈન સબમિટ કરવાના હોય છે. કોઈપણ માન્યતા પ્રાપ્ત શાળા દર નાણાકીય વર્ષમાં વધુમાં વધુ 5 (પાંચ) ઈનોવેશન ઓનલાઈન સબમિટ કરી શકે છે.

આ યોજના અંતર્ગત પસંદગી પામેલ વિદ્યાર્થીઓને જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરના પ્રદર્શનો તેમજ પ્રોજેક્ટ સ્પર્ધાઓમાં ભાગ લેવાની તક મળે છે. સાથે જ, તેમને અગ્રણી શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓમાં માર્ગદર્શન (મેન્ટરશિપ) અને તેમના ઈનોવેશનને સાકાર કરવા માટે આર્થિક સહયોગ પણ આપવામાં આવે છે.

**<u>વર્ષ 2026 – 27 માટે ઓનલાઈન નોમિનેશન માટે પોર્ટલ 15 જુલાઈ, 2026 થી 15 સપ્ટેમ્બર, 2026 સુધી ખુલ્લું રહેશે.</u>**

આપની કક્ષાએથી આપના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ શાળાઓના મહત્તમ વિદ્યાર્થીઓ આ યોજના અંતર્ગત તેમના નવતર વિચાર (Innovative Ideas) નોંધાવે તે માટે પ્રત્યેક શાળાને આ યોજના અંગે જાણ કરવા તથા ભાગીદારી માટે પ્રોત્સાહિત કરવા યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી છે.

રીડર

**જીસીઈઆરટી, ગાંધીનગર**

**નકલ સવિનય રવાના જાણ સારુ:**

1. માન. નિયામકશ્રી, GCERTના અંગત મદદનીશશ્રી, GCERT, સેક્ટર 12, ગાંધીનગર
2. માન. અધિક નિયામકશ્રી, GCERT, સેક્ટર 12, ગાંધીનગર

*Signature Not Verified*

*Signed by: Bhavna S. Patel
Reader
Date:2026.07.18
15:04:59 +5:30*



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

## INSPIRE-MANAK શું છે?

INSPIRE-MANAK (Million Minds Augmenting National Aspirations and Knowledge) એ ભારત સરકારની એક મહત્વની યોજના છે. આ યોજના દ્વારા ધોરણ 6 થી 12 સુધીના વિદ્યાર્થીઓની નવી અને રચનાત્મક વિચારો/આવિષ્કારોને ઓળખી ને તેને પ્રોત્સાહન આપવામાં આવે છે. સમાજની રોજિંદા પડકારો ઉકેલવા માટેના મશીન, ટૂલ, ગેજેટ અથવા ટેકનોલોજીકલ નવીનતા જેવા વિચારોને માન્યતા અને માર્ગદર્શન આપવામાં આવે છે.

### યોજનાનો હેતુ

- વિદ્યાર્થીઓમાં નવીનતા, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને સર્જનાત્મકતા વિકસિત કરવી.
- રોજિંદા જીવનની સમસ્યાઓના ઉકેલ માટે પ્રોત્સાહન આપવું.
- વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્તરે તેમના વિચારો રજૂ કરવાની તક આપવી.

### પાત્રતા (Eligibility)

- ધોરણ 6 થી 12 સુધીના તમામ વિદ્યાર્થી પાત્ર છે.

### શું સબમિટ કરી શકાય?

વિદ્યાર્થીઓ નીચે મુજબના વિચારો/આવિષ્કારો સબમિટ કરી શકે છે:

- મશીન (Machine)
- ટૂલ (Tool)
- ગેજેટ (Gadget)
- અથવા કોઈપણ અનોખી ટેકનોલોજીકલ નવીનતા (Technological Advancement)
- જે વિચારો સમાજ/રોજિંદા જીવનની સમસ્યાઓનો ઉકેલ લાવે.

### મહત્વની માહિતી

**નોમિનેશન મર્યાદા:** દરેક શાળા મહતમ 5 નોમિનેશન મોકલી શકે છે.

**ક્યાં સબમિટ કરવું?**
અધિકૃત વેબ પોર્ટલ દ્વારા:
https://inspireawards-dst.gov.in/Default.aspx
અથવા મોબાઈલ એપ દ્વારા.

**છેલ્લી તારીખ: 15 સપ્ટેમ્બર, 2026**

### નોમિનેશન કરવાની સરળ પ્રક્રિયા

1. ઉપર આપેલ વેબસાઈટ પર જાઓ અથવા મોબાઈલ એપ ખોલો.
2. નવા યુઝર તરીકે રજીસ્ટર કરો (શાળા સ્તરે).
3. શાળાની વિગતો ભરો અને લોગિન કરો.
4. વિદ્યાર્થીની વિગતો ભરો અને પ્રોજેક્ટ/વિચારની માહિતી અપલોડ કરો.
5. જરૂરી દસ્તાવેજો અને મોડેલ/ફોટો અપલોડ કરો.
6. સમીક્ષા કર્યા પછી સબમિટ કરો.

### વિદ્યાર્થીઓ માટે લાભ

- રાષ્ટ્રીય સ્તરે માન્યતા મળશે.
- ચુનંદા વિચારોને નાણાકીય સહાય અને માર્ગદર્શન મળશે.
- વિચારને હકીકતમાં બદલવાની તક મળશે.
- દેશના વૈજ્ઞાનિકો અને નિષ્ણાતો સાથે જોડાવાનું અવસર મળશે.

**તમારા વિચારો... દેશનો વિકાસ!**
તમારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરો અને 15 સપ્ટેમ્બર, 2026 પહેલા નોમિનેશન કરો.

ભારત સરકાર
વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય
(Department of Science & Technology)

inspire
innovation in science pursuit for inspired research

# કોલ ફોર નોમિનેશન્સ
# INSPIRE-MANAK
# 2026-27

(Million Minds Augmenting National Aspirations and Knowledge)

**તમારો વિચાર... દેશનો વિકાસ!**

ધોરણ 6 થી 12 સુધીના વિદ્યાર્થીઓના નવીન અને રાષ્ટ્રીય ઉપયોગી વિચારોને રાષ્ટ્રીય સ્તરે માન્યતા અને પ્રોત્સાહન.




## મહત્બની બાબતો

| પાત્રતા | નોમિનેશન મર્યાદા | ક્યાં સબમિટ કરવું? | છેલ્લી તારીખ |
|---|---|---|---|
| ધોરણ 6 થી 12 સુધીના વિદ્યાર્થી | દરેક શાળા મહતમ 5 નોમિનેશન મોકલી શકે છે. | અધિકૃત વેબ પોર્ટલ https://inspireawards-dst.gov.in/Default.aspx અથવા મોબાઈલ એપ | 15 સપ્ટેમ્બર, 2026 |

## શું સબમિટ કરી શકાય?

| મશીન (Machine) | ટૂલ (Tool) | ગેજેટ (Gadget) | ટેકનોલોજીકલ નવીનતા |
|---|---|---|---|

તમારા વિદ્યાર્થીઓને પ્રેરણા આપો, તેમના વિચારોને ઉડાન આપો અને રાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવો.

**હવે જ નોમિનેશન કરો અને ભવિષ્યાના વૈજ્ઞાનિક, ઈજનેર અને નવીન બનવામાં મદદ કરો!**